પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાઓ,
અમદાવાદ ઝોનની કચેરી,
૫ મો માળ, ગુજરાત હાઉસિંગ બોર્ડ,
પ્રગતિનગર, અમદાવાદ
તા.૯/૦૬/૨૦૨૦

વંચાણે લીધા:-

1. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરનો ના ઠરાવ નં. સજય/૧૦૨૦૧૨/૨૨૭/ધ તા.૧૮/૦૭/૨૦૧૩
2. ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગરના દફ્તરી હુકમથી પત્ર નં.મફબ/SJMMSVY/UDP-૭૮/૨૦૧૫-૧૬/ન.પા./૨૦૧૫/૧૦૨૯૬, તા.૨૨/૦૪/૨૦૧૫
3. મહેમદાવાદ નગરપાલિકાનો ઠરાવ નં.૩૯, તા.૨૦/૦૫/૨૦૧૬ રજુ કરેલ છે.
4. પત્રક-૧૦, તા.૨૦/૦૧/૨૦૧૭ થી મહેમદાવાદ નગરપાલિકાને સૈધ્ધાંતિક મંજૂરી મળેલ છે.
5. પત્ર નો જા.નં.પીબી/૧૭૦૨ થી ૧૭૦૪/સને ૨૦૧૮ નાયબ કાર્યપાલક ઈજનેર કચેરી, માર્ગ અને મકાન પેટા વિભાગ તા.૨૪/૦૮/૨૦૧૮ થી ૩(ત્રણ) કામોની તાંત્રિક મંજુરી મળેલ છે.
6. ચીફ ઓફિસેરશ્રી મહેમદાવાદ નગરપાલિકા પત્ર ક્રમાંક:૫૮૮/૨૦૧૯-૨૦, તા.૧૬/૧૨/૨૦૧૯

હુકમ:-

સરકારશ્રીના આમુખ-૧ના તથા આમુખ-૨ના ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના દફતરી હુકમથી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી-૭૮ વર્ષ ૨૦૧૫-૧૬ હેઠળ જનરલ સદરે રૂ.૨.૧૭૯૦ કરોડ, એસ.સી.એસ.પી. સદરે રૂ.૦.૨૧૦૬ કરોડ તથા ટી.એ.એસ.પી. સદરે રૂ.૦.૧૧૦૪ કરોડ એમ મળીને કુલ રકમ રૂ.૨.૫૦ કરોડની ફાળવેલ ગ્રાંટ અંતર્ગત (૧) ભૌતિક આંતર માળખાકીય સુવિધાઓ, (૨) સામાજીક આંતર માળખાકીય સુવિધાઓ, (૩) અર્બન મોબીલીટી તથા (૪) શહેરની આગવી ઓળખ ઉભી થાય તેવા ખાસ જરૂરીયાત વાળા કામો કરવાનું ઠરાવવામાં આવેલ છે.

આમુખ-૩થી મહેમદાવાદ નગરપાલિકા દ્વારા ઠરાવ નં.૩૯, તા.૨૦/૦૫/૨૦૧૬ કામો લીધેલ છે અને આમુખ-૪થી નગરપાલિકાએ રજુ કરેલા કામોને નીચે મુજબ સૈધ્ધાંતિક મંજુરી



Scanned with CamScanner

આપેલ છે. મહેમદાવાદ નાગરપાલિકાને ઉપરોક્ત મળવાપાત્ર રકમની સામે અગાઉ SJMMSVY UDP-૭૮ વર્ષ ૨૦૧૫-૧૬ યોજના હેઠળ નીચે મુજબની વિગત વહીવટી મંજુરી તથા ગ્રાંટ ફાળવણી કરવામાં આવેલ છે.

| ક્રમ | વહીવટી મંજૂરીનો હુકમ | સદર | અગાઉ આપેલ વહીવટી મંજુરીની રકમ | બાકી રહેતી વહીવટી મંજુરીની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ફ્ડ્સ/SJMMSVY/UDP-૭૮/૨૦૧૫-૧૬/આ.માં.સુ./વશી/૭૦૦ થી ૭૧૦, તા.૦૨/૦૪/૨૦૧૬ | જનરલ<br>SCSP<br>TASP | ૨,૨૦,૨૫,૮૭૦/- | ૨૯,૭૪,૧૩૦/- |
| | | કુલ | ૨,૨૦,૨૫,૮૭૦/- | ૨૯,૭૪,૧૩૦/- |

ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા અનુસાર મહેમદાવાદ નગરપાલિકાને વહીવટી મંજૂરીની સાથે નીચે જણાવ્યા મુજબની ગ્રાંટ ફાળવવામાં આવે છે.

| ક્રમ | ગ્રાંટ ફાળવણીનો હુકમ | સદર | હપ્તો | ફાળવેલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | ફ્ડ્સ/SJMMSVY ૨૦૧૫-૧૬/ગ્રાંટ ફાળવણી/UDP-૭૮/આ.માં.સુ./વશી/પ્રહ./૮૧૮ થી ૮૨૧ તા.૧૮/૦૪/૨૦૧૬ | જનરલ<br>SCSP<br>TASP | પ્રથમ | ૫૫,૦૬,૫૦૦/- |
| ૨ | ફ્ડ્સ/SJMMSVY ૨૦૧૫-૧૬/ગ્રાંટ ફાળવણી/UDP-૭૮/આ.માં.સુ./વશી/બી.હ./૧૧૬૭ થી ૧૧૭૦, તા.૩૧/૦૫/૨૦૧૭ | જનરલ<br>SCSP<br>TASP | બીજો | ૧,૨૧,૧૪,૦૦૦/- |
| 3 | ફ્ડ્સ/SJMMSVY ૨૦૧૫-૧૬/ગ્રાંટ ફાળવણી/UDP-૭૮/આ.માં.સુ./વશી/ત્રિ.હ/૨૦૦૭ થી ૨૦૧૧, તા.૧૧/૦૯/૨૦૧૭ | જનરલ<br>SCSP<br>TASP | ત્રીજો | ૩૧,૨૬,૧૨૫/- |
| | (અંકે રૂપિયા બે કરોડ સાત લાખ છેતાળીસ હજાર છસો પચીસ પૂરા) | | | ૨,૦૭,૪૬,૬૨૫/- |

ઉપરોક્ત કોષ્ટકમાં ની વિગતોને ધ્યાને લેતા બાકી રહેતી વહીવટી મંજુરીની રકમ ની સામે કુલ-૦3 કામોની રકમ રૂ.૪૬,૮૧,૨૫૦/- ની નીચે જણાવ્યા મુજબની વહીવટી મંજુરી ની દરખાસ્ત રજુ કરેલ છે.



Scanned with CamScanner

| ક્રમ | વોર્ડ | કામની વિગત | અંદાજીત રકમ |
|---|---|---|---|
| | | જનરલ ના કામો | |
| ૧ | ૧ | વિરોલ દરવાજાથી આસુતોષ મહાદેવ સુધીના રસ્તાની બન્ને સિઈડમાં પેવર બ્લોક થી ફૂટપાથ બનાવવાનું કામ. | ૧૨,૫૨,૦૦૦/- |
| ૨ | ૧ | આસુતોષ મહાદેવથી અવિનાશ સોસાયટી જ્યોતિપાર્ક થઈ આસ્થા બંગલા સુધીના રસ્તાની બન્ને સાઈડમાં પેવર બ્લોકથી ફૂટપાથ બનાવવાનું કામ. | ૧૭,૬૩,૪૦૦/- |
| ૩ | ૧ | આસુતોષ મહાદેવથી સનરાઈઝ સોસાયટી-ટેલીફોન એક્ષચેન્જ થઈ હીમસાગર સોસાયટી સુધીના રસ્તાની બન્ને સાઇડમાં પેવર બ્લોકથી ફૂટપાથ બનાવવાનું કામ. | ૧૬,૬૫,૮૫૦/- |
| | | કુલ રકમ (A) (અંકે રૂપિયા છેતાળીસ લાખ એકીયાશી હજાર બસો પચાસ પૂરા) | ૪૬,૮૧,૨૫૦/- |

ઉપરોક્ત વિગતો ધ્યાને લેતા મહેમદાવાદ નગરપાલિકા દ્વારા નીચે મુજબની વિગતો બીડાણ સહ રજુ કરેલ છે.

1. ગુજરત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ નો હુકમ રજુ કરેલ છે.
2. સામાન્ય સભાનો ઠરાવ રજુ કરેલ છે.
3. સૈધ્ધાંતિક મંજુરી નો હુકમ રજુ કરેલ છે.
4. તાંત્રિક મંજુરીનો હુકમ તથા એસ્ટીમેટની નકલ રજુ કરેલ છે.
5. વધારાનો ખર્ચ નગરપાલિકા સ્વભંડોળ માથી કરશે તે અંગેનું પ્રમાણપત્ર રજુ કરેલ છે.
6. રજૂ કરેલા કામોની જમીન માલિકી નગરપાલિકાની છે તે અંગેનું પ્રમાણપત્ર રજૂ કરેલ છે.
7. રજુ કરેલા કામો ગાઇડ લાઇન મુજબ છે તે અંગેનું પ્રમાણપત્ર રજુ કરેલ છે.
8. પાણી પુરવઠા અને ભૂગર્ભ ગટરને આસર નહીં થાય તે અંગેનું પ્રમાણપત્ર રજુ કરેલ છે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લેતાં મહેમદાવાદ નગરપાલિકા દ્વારા દરખાસ્તમાં રજુ કરેલ કામો આમુખ-૧ તથા આમુખ-૨ સરકારશ્રીના ઠરાવની જોગવાઈ મુજબ તેમજ ધોરણસરની દરખાસ્ત જણાતી હોઈ, તેમજ મહેમદવાદ નગરપાલિકાને અગાઉ સદર વાઇસ કામોની વહીવટી મંજૂરી મળેલ ન હોવાથી અત્રે રજૂ કરેલ દરખાસ્તમાં કુલ-૦૩ (ત્રણ) કામોની રકમ



Scanned with CamScanner

રૂ.૪૬,૮૧,૨૫૦/- (અંકે રૂપિયા છેતાળીસ લાખ એકયાશી હજાર બસો પચાસ પૂરા) ની વહીવટી મંજુરી આપવામાં આવે છે તથા જી.એમ.એફ.બી માથી મળવા પાત્ર રકમ રૂ.૨,૫૦,૦૦,૦૦૦/- ની સામે રકમ રૂ.૨,૦૭,૪૬,૬૨૫/- ની ચુકવણી કરેલ છે. જેથી બચત રકમ રૂ.૪૨,૫૩,૩૭૫/- અત્રેની કચેરીએ રહે છે. ઉપરોકત વિગતો ધ્યાને લેતા મહેમદાવાદ નગરપાલિકાને કુલ-૩ કામોની રકમ રૂ.૪૬,૮૧,૨૫૦/- ની વહીવટી મંજૂરી આપવામાં આવે છે અને બચત રકમના ૨૫% લેખે પ્રથમ હપ્તા પેટે રકમ રૂ.૧૦,૬૩,૩૪૪/- (અંકે રૂપિયા દસ લાખ ત્રેસઠ હજાર ત્રણસો ચુમાલીસ પુરા)ની ગ્રાંટ ફાળવણી હુકમ કરવામાં આવે છે.

શરતો :-

1. પાણી પુરવઠા અને ભૂગર્ભ ગટરને લગતી કામગીરીની મંજૂરી GUDC/GWSSB પાસેથી મેળવી લઈને ત્યાર પછી કામ શરૂ કરવાના રહેશે તેમ છતાં પાણી પુરવઠા અને ભૂગર્ભ ગટર યોજનાને લીધે રોડ રસ્તા તોડવાના થશે તો તેની સંપૂર્ણ નાણાકીય જવાબદારી નગરપાલિકાના ચીફ ઓફિસર, પ્રમુખ તથા ઈજનેરશ્રી ની રહેશે. જેની પૂરી ચકાસણી કરીને આ યોજના હેઠળ ગ્રાંટ વાપરવાની રહેશે. તેમજ GUDC/GWSSB ના કોઈ પ્રોજેકટ અમલીકરણમાં હોય તો નગરપાલિકાને આપેલ આ વહીવટી મંજૂરી રદ કરીને અત્રે જાણ કરવાની રહેશે.
2. આ હુકમના આમુખ-૧માં જણાવેલ સરકારશ્રીના તા.૧૮/૦૭/૨૦૧૩ ની જોગવાઈ ઓનું તથા સરકારશ્રી તરફથી બહાર પાડવામાં આવે તેવી વખતો વખતની સુચના ઓનું પાલન કરવાનું રહેશે.
3. SJMMSVY ૨૦૧૫-૧૬ યુડીપી-૭૮ યોજના હેઠળ નગરપાલિકાને મળવાપાત્ર કુલ ગ્રાંટની રકમ વહીવટી મંજુરી અન્વયેના કામોની પ્રગતિ પ્રમાણે તબક્કાવાર ચુકવવામાં આવશે. આ હુકમમાં સુચવેલ કામો માટે પ્રથમ હપ્તાની ૨૫% ગ્રાંટની ચુકવણી પ્રથમ તબક્કામાં કરવામાં આવશે જે રકમ આ હુકમથી મંજુર થયેલ કામો માટેજ વાપરવા/ખર્ચ કરવાના રહેશે.
4. વહીવટી મંજુરી આપેલ કામોનું થર્ડ પાર્ટી ઇન્સપેક્શન આમુખ-૧માં જણાવેલ સરકારશ્રીના તા.૧૮/૦૭/૨૦૧૩ના ઠરાવની જોગવાઇ મુજબ કરાવવાનું રહેશે.
5. ગ્રાંટની બાકીની રકમ મંજુર થયેલ કામોન થયેલ ખર્ચના આધારે થયેલ પ્રગતિ ધ્યાને લઇ તબક્કાવાર ચુકવવામાં આવશે.
6. સરકારશ્રીના તા.૧૮/૦૭/૨૦૧૩ના ઠરાવમાં દર્શાવેલ રીફોર્મ્સ મુજબની કાર્યવાહીનો પ્રગતિ અહેવાલ રજુ કરવાનો રહેશે.



Scanned with CamScanner

7. SJMMSVY ૨૦૧૫-૧૬ યુડીપી-૭૮ યોજના અંતર્ગત યુડીપી-૭૮ હેઠળ ચુકવવામાં આવનાર ગ્રાંટ ચીફ ઓફીસર અને એકાઉન્ટન્ટના સંયુક્ત રાષ્ટ્રીયકૃત બેંકમાં અલગ ખાતુ ખોલાવી જમા કરવવાની રહેશે અને વહીવટી મંજુરીના હુકમથી મંજુર થયેલ કામો માટે જ વાપરવાની રહેશે. યોજનાના હિસાબો અલગ અને અદ્યતન નિભાવવાના રહેશે. આ હિસાબો ઓડીટને પાત્ર રહેશે.

8. આ યોજનાની ગ્રાંટની રકમો વહીવટી મંજુરી સિવાયના કામો માટે ઉપયોગ/ખર્ચ કરવામાં આવશે તો તે નગરપાલિકા સ્વભંડોળમાંથી કરી કામો નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાના રહેશે.

9. ચુકવવામાં આવેલ ગ્રાંટની રકમનો મંજુર થયેલ કામો માટે જ વપરાશ કરવામાં આવશે કે કેમ તેની ચકાશણી રૂબરૂ નિરીક્ષણ કરવા માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના સંબંધિત નોડલ એજન્સી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ તથા પ્રાદેશિક કમિશ્નરશ્રી નગરપાલિકાઓ હક્કદાર રહેશે.

10. આ યોજના હેઠળ મંજુર થયેલ કામો માટે મળવાપાત્ર રકમ કરતા વધારાનો ખર્ચ થશે તો તે નગરપાલિકા સ્વભંડોળમાંથી કરી કામો નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાનો રહેશે.

11. જગ્યાની માલિકી નગરપાલિકાની હોય તો જ આપેલ હુકમની ગ્રાંટ વાપરવાની રહે નગરપાલિકાની માલિકીની જગ્યા વિશેની ખરાઇ તથા ચકાસણી નગરપાલિકાના એન્જીનીયરશ્રી, ચીફ ઓફીસરશ્રી તથા પ્રમુખશ્રીએ કરવાની રહેશે. સદર જગ્યાની માલિકી બાબતે કે આપેલ હુકમથી ગ્રાંટ વપ્રાશ અંગે ભવિષ્યમાં વિવાદ કે જવાબદારીનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો સંપૂર્ણ જવાબદારી જે તે નગરપાલિકાના એન્જીનીયરશ્રી, ચીફ ઓફીસરશ્રી તથા પ્રમુખશ્રીની રહેશે.

12. તાંત્રિક મંજુરીની શરતોનું પાલન કરવાનું રહેશે.

રવાના કર્યું:

N. H. Bhambhatt

ચીફ ઓફીસરશ્રી,

પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાઓ

અમદાવાદ ઝોનન

સહી/-

પ્રાદેશિક કમિશ્નર

પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાઓ

અમદાવાદ ઝોન



Scanned with CamScanner

પ્રતિ,

ચીફ ઓફીસરશ્રી,

મહેમદાવાદ નગરપાલિકા

જી.ખેડા

નકલ સવિનય રવાના :-

- નાયબ સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલીટી એડમીનીસ્ટ્રેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર
- અત્રેની કચેરીના હિસાબી દફતર તરફ જાણ તથા આગળની કાર્યવાહી સારૂ.
- સિલેકટ ફાઇલ



Scanned with CamScanner